**અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે ભારત સરકારની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના (૭૫:૨૫)ની નવીન માર્ગદર્શિકાનું રાજ્ય સરકાર દ્વારા અમલીકરણ કરવા બાબત.**

ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

**ઠરાવ ક્ર.: TDD/PMS/e-file/25/2023/0919/G**

સચિવાલય,ગાંધીનગર

**તા.: e-sign મુજબ**

**વંચાણે લીધા:**

(૧) ભારત સરકારના આદિજાતિ બાબતોના મંત્રાલયની તા.૦૧/૦૪/૨૦૨૨ થી અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે અમલીકૃત પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાની માર્ગદર્શિકા.

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૫/૦૮/૨૦૨૩નો સરખા ક્રમાંકનો ઠરાવ.

(૩) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસનો તા.૨૧/૧૧/૨૦૨૩નો પત્ર ક્ર.:DOTD/POM/e-file/242/2023/ 1178

(૪) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસનો તા.૧૧/૦૩/૨૦૨૪નો પત્ર ક્ર.: આ.વિ./શિક્ષણ /ફા.નં.૨૪૨/૨૦૨૩

(૫) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૪/૦૪/૨૦૨૪ અને તા.૨૫/૦૪/૨૦૨૪ના સરખા ક્રમાંકના પત્રો.

(૬) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસનો તા.૦૩/૦૭/૨૦૨૪નો પત્ર ક્ર.: આ.વિ./શિક્ષણ /ફા.નં./e-file/242/2023/738

**પ્રસ્તાવના:**

ભારત સરકાર દ્વારા વંચાણે લીધેલ ક્રમ (૧) પરની અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે અમલીકૃત પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના (૭૫:૨૫)ની માર્ગદર્શિકા બહાર પાડવામાં આવેલ છે. જેના અનુંધાને ઉપરના વંચાણે લીધેલ ક્રમ (૨) પરનાં વિભાગના તા.૦૫/૦૮/૨૦૨૩ના ઠરાવથી સદરહુ યોજના અંતર્ગત MBBS/MD/MSના અભ્યાસક્રમ માટે ભારત સરકાર દ્વારા આપવામાં આવતી રૂ.૬.૦૦ લાખની સહાય ઉપરાંતની ટૉપ-અપની રકમ રાજ્ય સરકાર દ્વારા ભોગવવાનો નિર્ણય થયેલ છે. કમિશનરશ્રી, આદિજાતિ વિકાસના વંચાણે લીધેલ ક્રમ (૩), (૪) અને (૬) પરનાં પત્રથી સદરહુ યોજનાના અમલીકરણ બાબતે શિષ્યવૃત્તિની રકમની Ceiling (ટોચ મર્યાદા), ખાનગી યુનિવર્સિટી માટે NAAC/ NBA accreditation, ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ/યુનિવર્સિટીના Non FRC courses, વધુ આવક ધરાવતા અનુસુચિત જનજાતિના કુટંબની કન્યાઓ માટે શિષ્યવૃત્તિની રકમની ચુકવણી કરવા વિગેરે બાબતે ક્ષેત્રીય કચેરી કક્ષાએ ઉપસ્થિત થઇ રહેલ પ્રશ્નોનાં નિવારણ માટે અત્રે દરખાસ્ત કરવામાં આવેલ હતી. પ્રસ્તુત બાબત રાજ્ય સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

સરકારશ્રી દ્વારા, કાળજી પૂર્વકની વિચારણાને અંતે, રાજ્યના અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે ભારત સરકાર દ્વારા પુરસ્કૃત પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના (૭૫:૨૫) અંતર્ગત શિષ્યવૃત્તિ ચુકવવા બાબતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

(૧) ભારત સરકારની નવીન ગાઇડલાઇન્સ મુજબ માન્યતા પ્રાપ્ત ખાનગી યુનિવર્સિટીઓ પૈકી જે યુનિવર્સિટીઓ પાસે NAAC (A/A+/A++)/NBA એક્રિડિટેશન હોય તેવી યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને જ જોગવાઇઓને આધિન શિષ્યવૃત્તિ મળવાપાત્ર થાય છે. શૈક્ષણિક વર્ષ:૨૦૨૪-૨૫ માટે NAAC (A/A+/A++)/NBA માન્યતા ન ધરાવતી ખાનગી યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ પૂરેપૂરી શિષ્યવૃત્તિ રાજ્ય સરકાર દ્વારા ચુકવવામાં આવશે.

(૨) ખાનગી સંસ્થાઓ/યુનિવર્સિટીઓ દ્વારા ચલાવાતા Non FRC coursesમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષ: ૨૦૨૩-૨૪ની વ્યવસ્થા મુજબ તેમજ ચાલુ શૈક્ષણિક વર્ષે પ્રવેશ મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓને નિયમોનુસાર શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવશે.

(૩) પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટેની ભારત સરકારની ગાઇડલાઇન્સમાં ખાનગી ક્ષેત્રની સંસ્થાઓના એમ્પનલમેન્ટ માટેની સુચના આપવામાં આવેલ છે. રાજ્ય સરકારે વર્ષ:૨૦૨૨-૨૩ અને વર્ષ:૨૦૨૩-૨૪ માટે તેમાં છૂટછાટ આપી છે. શૈક્ષણિક વર્ષ:૨૦૨૪-૨૫ માટે પણ હાલની નિયત વ્યવસ્થા મુજબ જ અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની ચૂકવણી કરવાની રહેશે.

(૪) રાજ્ય બહારની શૈક્ષણિક સંસ્થાઓમાં શૈક્ષણિક વર્ષ: ૨૦૨૪-૨૫માં કોઇ ખાસ કોર્ષ પૂરતું વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ હોય તો

તેવા કિસ્સામાં આવી ખાનગી રાજ્ય બહારની શૈક્ષણિક સંસ્થા એમ્પેનલ થાય ત્યાર બાદ શિષ્યવૃત્તિ ચુકવવા સંબંધમાં વિચારણા કરવાની રહેશે. શૈક્ષણિક વર્ષ: ૨૦૨૪-૨૫ માટે આ અંગેની કાર્યવાહી કમિશનરશ્રી (આદિજાતિ વિકાસ)એ કરવાની રહેશે.

(૫) ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ માર્ગદર્શિકામાં ખાનગી ક્ષેત્રની સંસ્થાઓ માટે ટ્યુશન ફી માટે નીચે મુજબની ટોચમર્યાદા રાખેલ છે.

- એમ.બી.બી.એસ/ એમ.એસ. /એમ.ડી કોર્ષ માટે રૂ. ૬.૦૦ લાખ વાર્ષિક
- એન્જીનીયરીંગ માટે રૂ. ૨.૫૦ લાખ વાર્ષિક
- અન્ય અભ્યાસક્રમો માટે રૂ.૧.૦૦ લાખ વાર્ષિક

ભારત સરકારની નવીન માર્ગદર્શિકા અંતર્ગત ખાનગી ક્ષેત્રની સંસ્થાઓમાં MBBS/MD/MSના અભ્યાસક્રમ માટે ભારત સરકાર દ્વારા આપવામાં આવતી રૂ.૬.00 લાખની સહાય ઉપરાંતની ટોપ-અપની રકમ રાજ્ય સરકાર દ્વારા ભોગવવા અંગે વિભાગનાં તા.૦૫/૦૮/૨૦૨૩ના ઠરાવથી જરૂરી જોગવાઇ થયેલ છે. ઇજનેરી અભ્યાસક્રમો અને અન્ય કોર્ષ માટે ભારત સરકાર દ્વારા અપાતી સહાયની ટોચ મર્યાદા અનુક્રમે રૂ.૨.૫૦ લાખ તેમજ રૂ. ૧.૦૦ લાખ નિયત થયેલ હોઈ, તે ઉપરાંતની ટોપ-અપની રકમ પણ રાજ્ય સરકાર ભોગવશે.

- શૈક્ષણિક વર્ષ:૨૦૨૪-૨૫ પૂરતું અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે ખાનગી ક્ષેત્રની સંસ્થાઓના તમામ માન્યતા પ્રાપ્ત અભ્યાસક્રમો માટે ભારત સરકાર દ્વારા નિયત કરેલ ટોચમર્યાદા ઉપરાંતની FRC દ્વારા માન્ય કરેલ ફી જે તે અભ્યાસક્રમો માટેની પ્રવેશ સમિતિ દ્વારા વેબસાઈટ ઉપર જાહેર કરેલ ફીની મર્યાદામાં ટોપ-અપની રકમ રાજ્ય સરકાર ભોગવશે.

(૬) ભારત સરકાર દ્વારા રૂ.૨.૫૦ લાખથી વધુ આવક ધરાવતાં કુટુંબોના બાળકોને શિષ્યવૃત્તિ આપવામાં આવતી નથી. જો કે, રાજ્ય સરકાર દ્વારા ફક્ત આદિજાતિ કન્યાઓ પૂરતું જ ઉક્ત આવક મર્યાદાના બાધને ધ્યાને લીધા સિવાય વીકેવાય-૬ યોજના હેઠળ ભારત સરકારના Component સહિત પુરેપુરી શિષ્યવૃત્તિ ચુકવવામાં આવતી હોઈ અને આ યોજના હાલ ચાલુ હોઈ, તદ્દનુસાર શિષ્યવૃત્તિ ચુકવવાની રહેશે.

(૭) શૈક્ષણિક વર્ષ: ૨૦૨૩-૨૪માં કે તે પૂર્વે જે વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ હોય અને શિષ્યવૃત્તિનો લાભ મળેલ હોય તેવા તમામ વિદ્યાર્થીઓને કોર્ષ પૂર્ણ થાય ત્યાં સુધી તે સમયની માર્ગદર્શિકા મુજબ શિષ્યવૃત્તિનો લાભ આપવાનો રહેશે.

શૈક્ષણિક વર્ષ: ૨૦૨૫-૨૬ માટે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃતિના અમલ અંગે અલગથી સૂચનાઓ બહાર પાડવામાં આવશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક : ૯૩ મુખ્ય સદર : ૨૨૨૫-૦૨-૨૭૭-૦૫-૦૦-VKY-૬, માંગણી ક્રમાંક: ૯૬ મુખ્ય સદર : ૨૨૨૫-૦૨-૭૯૬-૦૭-૦૦- VKY -૮, મુખ્ય સદર : ૨૨૨૫-૦૨-૭૯૬-૦૮-૦૦- VKY -૮, મુખ્ય સદર : ૨૨૨૫-૦૨-૭૯૬-૧૬-૦૦- VKY-૮, મુખ્ય સદર : ૨૨૨૫-૦૨-૭૯૬-૩૭-૦૦- VKY -૮ હેઠળ મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૧૫/૧૦/૨૦૨૪ અને સરકારશ્રીની તા.૧૮/૧૦/૨૦૨૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: MANISH DHIRAJLAL SHAH
Organization Unit: Tribal Development Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 21-Oct-2024 (05:55 PM)

(મનીષ શાહ)

સંયુક્ત સચિવ

આદિજાતિ વિકાસ વિભાગ

---

આદિજાતિ વિકાસ વિભાગ

ક્ર.: TDD/PMS/e-file/25/2023/0919/G

આદિજાતિ વિકાસ વિભાગ

સચિવાલય,ગાંધીનગર

તા.: e-sign મુજબ

**નકલ રવાના:**

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (નાણા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (આ.વિ.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, બ્લોક નં.૧, નવા સચિવાલય,ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (નાણા),નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.....ઉક્ત ઠરાવની જોગવાઈઓના સત્વરે અમલીકરણ સંબંધમાં તમામ આનુષંગિક કાર્યવાહી અર્થે.
- પ્રાયોજના વહિવટદારશ્રી, તમામ જિલ્લા (કમિશનરશ્રી (આ.વિ)ની કચેરી મારફત)
- મદદનીશ કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, તમામ જિલ્લા (કમિશનરશ્રી (આ.વિ)ની કચેરી મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/રાજકોટ
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઇલ-૨૦૨૪

(જનક ભાલોડિયા)

સેક્શન અધિકારી

આદિજાતિ વિકાસ વિભાગ

Signature Not Verified

Signed by: J M Bhalodiya
Section Officer
Date:2024.10.21
17:37:25 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign